ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩
ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

તારીખ : 28 FEB 2020

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૧/૧૯-૨૦/ 953

**આર.પી.એ.ડી.**

કેસ નં.૯૧/૧૯-૨૦

પ્રતિ,
**શ્રી દીપસંગભાઈ રામસંગભાઈ ચૌહાણ,**
પ્લોટ નં.૯૯-બી, શેરી નં.૭,
સરીતા સોસાયટી,
ભાવનગર.
**મો.નં. ૯૪૨૯૯ ૧૩૧૦૮**

**વિષય : નવું ખેતીવાડી વીજ કનેકશન આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૧/૧૧/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૧૯-૨૦/૪૫૭૩ તા.૧૯/૧૧/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૧૯-૨૦/૫૮૩ તા.૦૩/૦૨/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૪/૦૨/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ભાવનગર ગ્રામ્ય**
........*ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વલ્લભીપુર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર –૯૧/૧૯–૨૦**

વાદી :– શ્રી દીપસંગભાઈ રામસંગભાઈ ચૌહાણ

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખઃ– ૧૪.૦૨.૨૦૨૦**

**હાજર રહયા** :– શ્રી દીપસંગભાઈ રામસંગભાઈ ચૌહાણ – (વાદી પોતે)

**પ્રતિવાદી** :– શ્રી પી. સી. પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી દીપસંગભાઈ રામસંગભાઈ ચૌહાણ, મુ.ભાવનગરની નવું ખેતીવાડી વીજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૧/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૯૧/૧૯–૨૦/૪૫૭૩ તા.૧૯.૧૧.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૪.૦૨.૨૦૨૦ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી દીપસંગભાઈ રામસંગભાઈ ચૌહાણ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી. સી. પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ ખાતા નં.૨૩૪, સર્વે નં.૭ મોજે પીપરીયા ગામ, તા.વલ્લભીપુરમાં ખેતીવાડીના નવા કનેકશન માટે તા.૨૪.૦૪.૨૦૧૭ થી અરજી કરી આપની કચેરીમાં નવા કનેકશનની જરૂરી રજીસ્ટ્રેશન ફી રૂા.૨૦૦/– રસીદ નં.XX૨૯૪૯૩૦ થી નાણા ભરપાઈ કરેલ હતાં. જેના અનુસંધાને પીજીવીસીએલ, વલ્લભીપુરના પત્ર નં.૧૩૪૭ તા.૧૫.૦૪.૨૦૧૯ થી નાણા ભરવા માટેનું કોટેશન ઓમને આપવામાં આવેલ હતું. જે અંગે અમોએ ઉપરોકત કોટેશનમાં દર્શાવેલ કનેકશન અંગેની જરૂરી ફી તથા અન્ય ચાર્જ મળી કુલ રૂા.૭૮૫૩/– તા.૨૪.૦૪.૧૯ થી પીજીવીસીએલ, વલ્લભીપુર ખાતે ભરપાઈ કરી આપેલ હતાં, જેની રસીદો આ સાથે પેટામાં સામેલ છે.

૧.૨ ઉપરોકત કનેકશન બાબતે દેવેન્દ્રસિંહ પ્રતાપસિંહ ચૌહાણ દવારા તા.૨૦.૧૨.૧૮ થી વાંધા અરજી રજુ કરેલ, જે અન્વયે પીજીવીસીએલ, વલ્લભીપુર દવારા દેવેન્દ્રસિંહ પી. ચૌહાણની વાંધા અરજી બાબતે જે આપ વારસદાર હોય તો ૭–૧૨ અને ૮–અ ના ઉતારા રજુ કરવા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ પત્ર નં.વી.એલ.એસ.ડી./ટિક/એસ.પી.એ./૩૪૭૦ તા.૨૦.૦૮.૧૯ થી જણાવેલ હતું, જે બાબતે દેવેન્દ્રસિંહ પી. ચૌહાણ દવારા વારસદાર અંગેના આધારપુરાવા સમયમર્યાદામાં રજુ કરેલ નથી, જે બાબત અંગે પીજીવીસીએલ, વલ્લભીપુર દવારા ઉપરોક્ત વાંધા અરજી ફાઈલ કરવામાં આવેલ અને તેઓશ્રીને જાણ કરી અમારા ઉપરોક્ત દર્શાવેલ સર્વે નંબર ઉપર ટી.સી. તથા વીજ કનેકશન અંગેના પોલ વિગેરે ફીટ કરવામાં આવેલ છે.

૧.૪ વધુમાં ટી.સી. તથા વીજ કનેકશન અંગેના પોલ ઉભા કર્યા બાદ અમોને પીજીવીસીએલ, વલ્લભીપુર દવારા પત્ર નં.વી.એલ.એસ.ડી./ટિક/એસ.પી.એ./૩૮૯૩ તા.૦૧.૧૦.૧૯ થી વીજ કનેકશન અંગે ખુટતાં કાગળો રજુ કરવા અમોને જણાવેલ છે જે અંગેના જરૂરી તમામ આધારભુત દસ્તાવેજો તથા કાગળો અમોએ રજુ કરેલ હતાં, તેમ છતાં કોઈ અવાન્તર હેતુ થી અમોને ફરીથી જરૂરી દસ્તાવેજો રજુ કરવા જણાવેલ છે, જે યોગ્ય નથી. છતાં પણ અમોએ ઉપરોક્ત પત્રનો જવાબ દસ્તાવેજો સામે તા.૧૫.૧૦.૧૯ થી નાયબ ઈજનેર સાહેબ, પીજીવીસીએલ, વલ્લભીપુર સબ ડીવીઝનને રજી.એ.ડી.થી મોકલી આપેલ છે. પરંતુ આજદીન સુધી અમારા ઉપરોક્ત સર્વે નંબર ઉપર મીટર ફીટ કરવા અંગેની કોઈ કાર્યવાહી કરેલ નથી અને તે અંગેની અમોને કોઈપણ જાતની જાણ પણ કરેલ નથી. તો યોગ્ય ન્યાય કરી અમોને ઝડપથી વીજ કનેકશન મળે તે અંગે ઘટતું કરવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.

૧.૫ આ સાથે નીચે મુજબના દસ્તાવેજો પુરાવામાં રજુ કરીએ છીએ જે આપ સાહેબની જાણ માટે.

૧) નોટરી કરેલ અંદરોઅંદરની સમજુતી કરાર (પ્રતાપભાઈની હયાતીનો)
૨) મરણ પ્રમાણપત્ર (પ્રતાપભાઈનું)
૩) પીજીવીસીએલનું કોટેશન SR No.9666186.
૪) નાણા ભર્યા અંગેની રસીદો.
૫) પીજીવીસીએલ, વલ્લભીપુરનો તા.૨૦.૦૮.૧૯ નો વાંધા અરજી દફતરે કર્યા અંગેનો પત્ર.
૬) ખેતીવાડી નવા વીજ કનેકશનમાં ખૂટતાં કાગળો બાબત અંગેનો તા.૦૧.૧૦.૧૯ નો પત્ર.
૭) વાંધા અરજી બાબતે દેવેન્દ્રસિંહ ચૌહાણને પત્ર નં.૧૮૪૫ તા.૧૫.૦૫.૧૯ ની આપેલ નોટીસ.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ- તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ શ્રી દીપસંગભાઈ રામસંગભાઈ ચૌહાણ દવારા નવીન ખેતીવાડી વીજ કનેકશનની અરજી મોજે ગામ પીપરીયામાં રેવન્યુ સર્વે નં.૭ માં ૭.૫ હો.પા.ના વીજ કનેકશન માટે વલ્લભીપુર કચેરીએ તા.૨૪.૦૪.૨૦૧૭ ના રોજ કરેલ.

૨.૨ ત્યારબાદ તેમના અગ્રતાક્રમ મુજબ તેમના માંગણીવાળા નવીન વીજ કનેકશનની આગળની કાર્યવાહી વલ્લભીપુર કચેરી દવારા કરેલ અને વાદીને તા.૧૫.૦૪.૨૦૧૯ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ અને સદર અંદાજપત્રની રકમ તા.૨૯.૦૪.૨૦૧૯ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ.

૨.૩ શ્રી ચૌહાણ દેવેન્દ્રસિંહ પ્રતાપભાઈ દવારા વાંધા અરજી તા.૨૦.૧૨.૨૦૧૮ ના રોજ આપેલ. જેને ધ્યાને લઈ વાંધેદારને તેમની વારસાઈ અંગેના જરૂરી આધાર પુરાવા રજુ કરવા વલ્લભીપુર કચેરીના પત્ર નં.૧૮૪૫/૧૫.૦૫.૨૦૧૯ થી જણાવેલ, જેના અનુસંધાને વાંધેદારે તા.૦૩.૦૬.૨૦૧૯ ના રોજ તેમનો જવાબ આપેલ અને જણાવેલ કે વારસાઈ અંગેની કાર્યવાહી ચાલુ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૪ પરંતુ તા.૨૦.૦૮.૨૦૧૯ સુધી વાંધેદારનો કોઈ પ્રત્યુતર ન મળતાં વલ્લભીપુર કચેરીના પત્ર ૩૪૦૦/૨૦.૦૮.૨૦૧૯ થી વાંધેદારની અરજી દફતરે કરવામાં આવેલ અને વાદીની નવીન ખેતીવાડી વીજ કનેકશનની અરજી ની આગળની કાર્યવાહી કરવામાં આવેલ.

૨.૫ સદર વીજ કનેકશનની સ્થળ ઉપરની કામગીરી પુર્ણ કરી સદર કેસ ફાઈલ ફાઈનલ ઓડીટ માટે ડીવીઝન ઓફીસ વલ્લભીપુર કચેરીના પત્ર નં.૩૪૪૦/૨૬.૦૮.૨૦૧૯ થી આવેલ. અત્રેની કચેરી ખાતે સદર વીજજોડાણની ફાઈલનો ઉડાણમાં અભ્યાસ કરતાં માલુમ પડેલ કે તેમના તા.૧૪.૦૬.૨૦૧૯ ના રોજ થયેલ અંદરો અંદરના સમજુતી કરારમાં પેઈજ નં.૩ માં દર્શાવ્યા મુજબ સર્વે નં.૭ માં આશરે ૧૦ વીઘા જમીન છે, જે પૈકી ૭ વીઘા ઉપરના ભાગની જમીન પ્રતાપભાઈ રામસંગભાઈ ચૌહાણે રાખવાની છે અને બાકી રહેતી ૩ વીઘા જમીન જેમાં કુવો આવેલ છે તે કુવા સાથેની જમીન દીપસંગભાઈ રામસંગભાઈ ચૌહાણે રાખવાની છે. રજુ કરેલ સર્વે નં.૭ ના ઉતારા મુજબ હાલ પણ દીપસંગભાઈ રામસંગભાઈ ચૌહાણ તથા પ્રતાપભાઈ રામસંગભાઈ ચૌહાણ નો હિસ્સો છે.

૨.૬ ત્યારબાદ અત્રેની કચેરીના પત્ર નં.બીઆરડી/રેવન્યુ/૪૫૭૬ તા.૨૬.૦૯.૨૦૧૯ થી સદર ફાઈલ ક્ષતી પુર્તતા (ઉતારના સહભાગીદારની સંમતી સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરાવીને રજુ કરવી) માટે પરત મોકલાવેલ, જે વલ્લભીપુર કચેરીએ ઈનવર્ડ નં.૧૧૭૯/૦૧.૧૦.૨૦૧૯ થી ઈનવર્ડ થયેલ.

૨.૭ જેના અનુસંધાને વલ્લભીપુર કચેરીના પત્ર નં.૩૮૯૩ / ૦૧.૧૦.૨૦૧૯ થી જરૂરી ક્ષતી પુર્તતા માટે જણાવેલ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી દીપસંગભાઈ રામસંગભાઈ ચૌહાણ એ ગામ–પીપરીયામાં રે.સર્વે નં.૭ માં ૭.૫ હો.પા.નું ખેતીવાડીના નવા વીજજોડાણ માટે તા.૨૪.૦૪.૨૦૧૭ ના રોજ અરજી નોંધણી કરાવેલ, જે અનુસંધાને પ્રતિવાદીએ અગ્રતાક્રમ મુજબ વાદીને તા.૧૫.૦૪.૧૯ ના રોજ અંદાજપત્ર આપેલ. જે તા.૨૯.૦૪.૧૯ ના રોજ વાદીએ ભરપાઈ કરી આપેલ અને ત્યારબાદ પ્રતિવાદીએ લાઈનકામ અને ટ્રાન્સફોર્મર ઉભું કરવાની કાર્યવાહી પુર્ણ કરેલ પરંતુ વીજજોડાણ ચાલુ કરેલ નથી.

૩.૨ વાદીની અરજી નોંધણી સમયે રજુ કરેલ રેવન્યુ દસ્તાવેજો તેમજ સર્વે નં.૭ ના બીજા ભાગીદારો ની રૂ.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સહમતિ લઈ અને તેને નોટરાઈઝડ કરાવી અને પ્રતિવાદીએ અરજી સ્વિકારેલ.

૩.૩ રજુ કરેલ રેવન્યુ રેકોર્ડ અને હકકપત્રકની હાલની નોંધ મુજબ સર્વે નં.૭ માં નોંધ નં.૧૦૬૩ પ્રમાણે સર્વે નં.૭ ની માલીકી દીપસંગભાઈ રામસંગભાઈ તેમજ પ્રતાપભાઈ રામસંગભાઈની સંયુકત માલીકી છે.

૩.૪ વાદીએ અરજી નોંધણી કરતાં સમયે તા.૧૪.૦૬.૧૬ ના નોટરાઈઝડ સહમતિ રજુ કરેલ છે તે મુજબ પ્રતાપભાઈ રામસંગભાઈ એ સહમતિ આપેલ છે, વીજજોડાણ લેવા માટે ૩ વીઘામાં સહમતિ આપેલ છે, જે ૩ વીઘામાં કુવો છે.

૩.૫ ત્યારબાદ પ્રતાપભાઈ રામસંગભાઈનું મૃત્યુ થયેલ, તેના વારસદારો દેવેન્દ્રસિંહ પ્રતાપસિંહ તથા બીજા વારસદારોએ પ્રતિવાદીને દીપસંગભાઈને વીજજોડાણ આપવા સામે વાંધા અરજી રજુ કરેલ છે.

૩.૬ વાદીએ વારસાઈ નોંધ નં.૧૩૪૫ ની તકરાર સબબ તા.૩૦.૦૭.૧૯ નો મામલતદારશ્રી, વલ્લભીપુરનો હુકમ રજુ કરેલ છે, તે હુકમ મુજબ મામલતદારશ્રીએ પ્રતાપભાઈ રામસંગભાઈ ચૌહાણનાં વારસદારો ની હકકપત્રક માં વારસાઈ નોંધ નં.૧૩૪૫ દાખલ કરવા અંગેની નોંધ નામંજુર કરેલ છે.

૩.૭ દીપસંગભાઈ રામસંગભાઈ ચૌહાણને સર્વે નં.૭ માં વીજજોડાણ આપવા સામે વાંધો લેનાર પ્રતાપભાઈ રામસંગભાઈ ચૌહાણનાં વારસદારો દેવેન્દ્રસિંહ તથા અન્ય ખરેખર રેકર્ડ મુજબ વારસાઈ હકક સર્વે નં.૭ માં ધરાવતાં નથી, તેથી દેવેન્દ્રસિંહ ની વાંધા અરજી પ્રતિવાદીએ માન્ય રાખી શકાય નહી અને દીપસંગભાઈને તેઓએ માંગેલ વીજજોડાણ ચાલુ કરવાની કાર્યવાહી આગળ હાથ ધરવાનો હુકમ કરવામાં આવે છે.

## <u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી. એમ. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

તારીખ :– ૧૪.૦૨.૨૦૨૦